પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૩૮ | ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૨, રવિવાર; મહા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રશિયાનું શક્તિ પ્રદર્શન, યુક્રેનમાં સ્થિતિ ગંભીર

**યુરોપના ઘણા દેશોએ રશિયાને રોકવા માટે ફાઈટર જેટ તૈનાત કર્યા છે : અમેરિકાએ યુરોપમાં પરમાણુ-સક્ષમ B-52 બોમ્બર જેટ તૈનાત કર્યા છે, અને તેનું સૌથી અદ્યતન સ્ટીલ્થ ફાઈટર જેટ, F-35 પણ મોકલ્યું છે**

નવી દિલ્હી,તા.૧૯ યુક્રેનને લઈને રશિયા અને અમેરિકા વચ્ચે વાતચીત એટલી હદે વધી ગઈ છે કે સ્થિતિ પરમાણુ યુદ્ધ સુધી પહોંચી ગઈ છે. અમેરિકાએ યુરોપમાં પરમાણુ-સક્ષમ B-૫૨ બોમ્બર જેટ તૈનાત કર્યા છે, અને તેનું સૌથી અદ્યતન સ્ટીલ્થ ફાઈટર જેટ, F-૩૫ પણ મોકલ્યું છે. બીજી તરફ રશિયા આવતીકાલે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની હાજરીમાં અત્યાર સુધીની સૌથી મોટી પરમાણુ મિસાઈલ ડ્રિલ કરવા જઈ રહ્યું છે. આ વાત પરથી અંદાજો લગાવી શકાય છે કે સ્થિતિ કેટલી ગંભીર બની ગઈ છે. જો કે આ યુદ્ધને રોકવા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં એક મહત્વપૂર્ણ બેઠક પણ યોજાઈ હતી, પરંતુ અહીં પણ રશિયા અને તેના હરીફ દેશો વચ્ચે ગરમાવો સ્પષ્ટ જોવા મળ્યો હતો. બીજી તરફ યુરોપના ઘણા દેશોએ પણ રશિયાને રોકવા માટે પોતાના ફાઈટર જેટ તૈનાત કર્યા છે, તો રશિયા પણ પાછળ રહ્યું નથી. તેમની નૌસેનાએ એક રીતે યુક્રેન પર હુમલાની ટ્રાયલ શરૂ કરી દીધી છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અમેરિકાને તેના પરમાણુ હથિયારોની યાદ અપાવી ચૂક્યા છે. સમાચાર એજન્સીઓ સાથે વાત કરતા પુતિને કહ્યું કે અમે જાણીએ છીએ કે રશિયા નાટોની સંયુક્ત શક્તિ સાથે સ્પર્ધામાં નથી. અમે આ સમજીએ છીએ પરંતુ અમે એ પણ જાણીએ છીએ કે રશિયા વિશ્વની અગ્રણી પરમાણુ શક્તિઓમાંથી એક છે. પુતિને કહ્યું હતું કે આધુનિક પરમાણુ દળના સંદર્ભમાં રશિયા અન્ય ઘણા દેશો કરતાં ઘણું સારું છે, તેથી કોઈ વિજેતા નહીં હોય. એટલે કે પુતિને ઈશારામાં કહી દીધું છે કે જો જરૂર પડશે તો તેઓ પોતાના પરમાણુ બોમ્બનો ઉપયોગ કરવાથી પાછળ નહીં હટે. કદાચ આ જ કારણ છે કે અમેરિકાએ તેના B-૫૨ બોમ્બર્સને યુરોપ મોકલ્યા છે.

## સૈનિકો હુમલાની પોઝિશનમાં તૈનાત હોવાનો યુએસનો દાવો

**રશિયાના વલણ પર નાટો દેશોને ભરોસો નથી : રશિયન સેનાની ૧૨૫ બટાલિયન હુમલાની પોઝિશનમાં તૈનાત, સામાન્ય સંજોગોમાં અહીંયા ૬૦ બટાલિયન હોય છે**

યુક્રેનને લઈને રશિયાના વલણ પર અમેરિકા સહિતના નાટો દેશોને ભરોસો નથી. બંને દેશો વચ્ચે સરહદ પર તનાવ યથાવત છે.રશિયાની આગામી ચાલ કઈ હશે તેની જાણકારી માત્ર રાષ્ટ્રપતિ પુતિન પાસે છે.બીજી તરફ અમેરિકાના સંરક્ષણ વિભાગના એક અધિકારીનુ કહેવુ છે કે, યુક્રેનની સીમા પર હજી પણ ૪૦ ટકા રશિયન સૈનિકો હુમલાની પોઝિશનમાં તૈનાત છે.

સંરક્ષણ અધિકારીએ નામ નહી આપવાન શરતે કહ્યુ હતુ કે, રશિયન સેનાની ૧૨૫ બટાલિયન હુમલાની પોઝિશનમાં તૈનાત કરાયેલી છે.સામાન્ય સંજોગોમાં અહીંયા ૬૦ બટાલિયન હોય છે પણ રશિયાએ ૪૮ કલાકમાં બટાલિયનોની સંખ્યા વધારીને ૧૨૫ કરી દીધી છે. અમેરિકા પહેલા પણ કહી ચુકયુ છે કે, રશિયા કોઈ પણ બહાનુ આગળ ધરીને ગમે ત્યારે યુક્રેન પર હુમલો કરી શકે છે.રશિયા યુક્રેનની રાજધાની કીવને હુમલાના ભાગરુપે ટાર્ગેટ કરી શકે છે.

દરમિયાન યુક્રેનની જાસૂસી સંસ્થાએ પણ પોતાના નાગરિકોને કામ વગર ઘરની બહાર નહીં નિકળવાની અને શક્ય હોય તો પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ નહીં કરવા માટે સૂચના આપી છે.



## રશિયા અને યુક્રેન વચ્ચે તનાવ પરાકાષ્ઠાએ પહોંચ્યો

**રશિયન સમર્થક બળવાખોરોના હુમલામાં યુક્રેનના સૈનિકનું મોત : યુક્રેનની સેનાએ સત્તાવાર નિવેદન આપીને જાણકારી આપી, દોનબાસવિસ્તારમાં વિદ્રોહીઓ-સેના વચ્ચે જંગ**

રશિયા અને યુક્રેન વચ્ચે તનાવ ચરમ પર પહોંચી રહ્યો છે. રશિયન સમર્થક બળવાખોરો દ્વારા થઈ રહેલા હુમલામાં યુક્રેનના એક સૈનિકનુ મોત થયુ છે.યુક્રેનની સેનાએ સત્તાવાર રીતે નિવેદન આપીને જાણકારી જાહેર કરી છે.દોનબાસ નામના વિસ્તારમાં વિદ્રોહીઓ અને સેના વચ્ચે જંગ છેડાયેલો છે.

આ પહેલા વિદ્રોહી જૂથ દ્વારા પોતાના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં રશિયન સમર્થક લોકોને રશિયન વિસ્તારમાં પહોંચાડી દેવાયા હતા.વિદ્રોહીઓએ પોતાના વિસ્તારમાં મોજૂદ ૧૮ થી ૫૫ વર્ષના લોકોને બહાર જવા પર રોક લગાવી દીધી છે.તેમણે દાવો કર્યો છે કે, યુક્રેનના રાષ્ટ્રપતિ ગમે ત્યારે અમારા પર હુમલો કરી શકે છે.બીજી તરફ રશિયાએ યુક્રેનની સીમા સાથે જોડાયેલા પોતાના એક એરબેઝ પર મોટી સંખ્યામાં લડાકુ વિમાનો તૈનાત કરી દીધા છે.

શુક્રવારે અમેરિકાના રાષ્ટ્રપતિ બાઈડને ચેતવણી આપી હતી કે, જો રશિયા દ્વારા યુક્રેન પર હુમલો કરાશે તો રશિયાને આકરા આર્થિક અને રાજકીય પ્રતિબંધોનો સામનો કરવો પડશે.રશિયાએ યુક્રેન પરના આક્રમણની ભારે કિંમત ચુકવવી પડશે. દરમિયાન બેલારુસના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર લુકાશેંકો સાથે વાતચીત બાદ રશિયન રાષ્ટ્રપતિ પુતિને કહ્યુ હતુ કે, યુક્રેને શાંતિ માટે ડોનબાસ વિસ્તારમાં આવેલા વિદ્રોહીઓ સાથે વાતચીત કરવાની જરુર છે.આ વિસ્તારમાં તનાવ વધી રહ્યો છે. દરમિયાન બેલારુસે એલાન કર્યુ હતુ કે, યુક્રેનમાં વધી રહેલા તનાવ વચ્ચે રશિયા અને બેલારુસ ભેગા મળીને સરહદની રક્ષા કરશે.

## દેશના ૭૫ મોટા શહેરોમાં બાયો સી.એન.જી. પ્લાન્ટ લગાવાશે : મોદી

**ઈન્દોરમાં ગાયના છાણના પ્લાન્ટનું લોકાર્પણ : ક્લીન એનર્જીની-પ્રદુષણ મુક્ત શહેરોની દિશામાં એક ડગલુ આગળ વધી શકવાનો વિશ્વાસ વ્યક્ત કરતા વડાપ્રધાન**



નવી દિલ્હી, તા.૧૯ પીએમ મોદીએ શનિવારે ઈન્દોરમાં એશિયાના સૌથી મોટા ગાયના છાણના પ્લાન્ટનુ લોકાર્પણ કર્યુ હતુ. પીએમ મોદીએ ઓનલાઈન વક્તવ્યમાં કહ્યુ હતુ કે, ઈન્દોરના લોકો જેટલા સારા છે એટલુ જ તેમણે શહેરને સ્વચ્છ અને સારુ રાખ્યુ છે.શહેરોને પ્રદુષણ મુક્ત અને કચરા મુક્ત રાખવા માટે આ પ્લાન્ટ જેવા પ્રોજેક્ટ મહત્વના છે.શહેરોમાંથી નિકળતો ભીનો કચરો તેમજ ગામમાં પશુઓ અને ખેતરોનો કચરો એક રીતે જોવામાં આવે તો ગોબર ધન જ છે.તેનાથી જે પણ ફ્યુલ બનશે તે જીવનના નિર્માણમાં કામમાં આવશે.આ પ્લાન્ટ બીજા શહેરોને પ્રેરણા આપશે. તેમણે કહ્યુ હતુ કે, આગામી બે વર્ષોમાં ૭૫ મોટા શહેરોમાં આ પ્રકારના બાયો સીએનજી પ્લાન્ટ લગાવાશે. જેનાથી ક્લીન એનર્જીની અને પ્રદુષણ મુક્ત શહેરોની દિશામાં આપણે એક ડગલુ આગળ વધી શકીશું. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, ઈન્દોરના લોકોને પોતાના શહેરની સેવા કરતા પણ આવડે છે.સીએમ શિવરાજ સિંહ ચૌહાણ અને તેમની ટીમે બહુ ઓછા સમયમાં આ પ્લાન્ટને કાર્યરત કર્યો છે.સુમિત્રા મહાજનનો પણ આભાર માનુ છું કે, તેમણે ઈન્દોરને નવી ઓળખ આપી છે.

## આજે પંજાબ અને ઉત્તરપ્રદેશમાં મતદાન

**પંજાબમાં વિધાનસભાની તમામ ૧૧૭ બેઠકો અને ઉત્તરપ્રદેશમાં ત્રીજા તબક્કાની ૫૯ બેઠકો પર મતદાન યોજાશે**

નવી દિલ્હી, તા. ૧૯

પંજાબ વિધાનસભાની તમામ ૧૧૭ બેઠકો અને ઉત્તરપ્રદેશમાં ૫૯ બેઠકો પર આજે કશ્મેકશ જંગ ખેલાશે. પંજાબ વિધાનસભાનો જંગ કોંગ્રેસ, આમઆદમી પાર્ટી, ભાજપ ગઠબંધન અને અકાલીદળ વચ્ચે ખેલાઈ રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી ખાલીસ્તાનનો વિવાદ છેડાતા રાજકીય ગરમી પકડાઈ હતી. કેજરીવાલ પર પ્રધાનમંત્રી મોદી અને રાહુલ ગાંધી તેમજ ચન્નીએ ગંભીર આક્ષેપો કરતા સર્વેમાં સરસાઈ ભોગવતા આપ અને કેજરીવાલ રક્ષણાત્મક સ્થિતિમાં આવી ગયા હતા. આમ છતાં, છેલ્લા ત્રણ દિવસમાં મોદી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને અરવિંદ કેજરીવાલના આક્રમક પ્રચારથી રાજકીય માહોલ ગરમ બન્યો હતો. જોકે આજે થનાર મતદાનમાં કેવી અસર ઉભી થાય છે તે ૨૦મી સાંજ કરતાં ૧૦મી માર્ચે ઈવીએમ મશીન ખુલે ત્યારે જ ખબર પડશે.

જ્યારે ઉત્તરપ્રદેશની ૫૯ બેઠકો પર આજે ત્રીજા તબક્કાનું મતદાન યોજાશે. ૫૯ પૈકી ૨૮ બેઠકો ઉપર યાદવો અને મુસ્લિમોના ૪૦ ટકાથી વધારે મત હોવાથી પ્રતિષ્ઠાનો જંગ બની ગયો છે. છેલ્લા બે દિવસમાં પ્રધાનમંત્રી મોદી, યોગી, રાજનાથસિંહ, અમિત શાહ અને અખિલેશ અને મુલાયમસિંહ યાદવના આક્રમક પ્રચારથી માહોલ જબરજસ્ત જામ્યો છે.

## પંજાબ ચૂંટણી પહેલા સૌથી મોટા ષડયંત્રનો પર્દાફાશ

**ત્રણ ખાલિસ્તાની આતંકીઓની ધરપકડ : પોલીસે ઝડપેલા ત્રણેય આરોપીઓ સોનેપત જિલ્લાના છે અને પહેલાથી જ મોસ્ટ વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે પર્દાફાશ**

ચંદીગઢ, તા.૧૯

પંજાબ વિધાનસભાની ચૂંટણી પહેલા હરિયાણાની સોનીપત પોલીસે પંજાબ પોલીસની માહિતીના આધારે કેનેડા, ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાનમાં ખાલિસ્તાની સંગઠનો સાથે જોડાયેલા ત્રણ સોપારી કિલર્સની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે, જેમની પાસેથી એક છદ્ધ-૪૭ અને એક ૩ વિદેશી પિસ્તોલ મળી છે. પકડાયેલા આરોપીઓ પંજાબમાં પહેલા પણ હત્યાની ઘટનાને અંજામ આપી ચૂક્યા છે અને ફરીથી તેમનો ઈરાદો હત્યા કરવાનો હતો.

પોલીસે ઝડપેલા ત્રણેય આરોપીઓ, સાગર ઉર્ફે પિન્ની, સુનીલ ઉર્ફે પહેલવાન અને જતીન ઉર્ફે રાજેશ, જેઓ હરિયાણાના સોનેપત જિલ્લાના જુઆ ગામના રહેવાસી છે અને સોનીપતમાં પહેલાથી જ મોસ્ટ વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. હરિયાણાની સોનીપત પોલીસે ગુપ્તચર વિભાગ અને પંજાબ પોલીસની માહિતીના આધારે આ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. હવે આ ત્રણેય આરોપીઓને ટૂંક સમયમાં જિલ્લા કોર્ટમાં રજૂ કરી પોલીસ રિમાન્ડ પર લેવામાં આવશે. જેથી તેમના અન્ય સાથીદારોની પણ ધરપકડ કરી શકાય. સોનીપત પોલીસ દ્વારા પંજાબ પોલીસને પણ માહિતી આપવામાં આવી છે.

ધરપકડ કરાયેલા આરોપીઓનો પહેલા પણ સોનીપતથી ગુનાહિત રેકોર્ડ ધરાવે છે અને હવે તેઓ કેનેડા, ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાનના ખાલિસ્તાન ટાઈગર ફોર્સ સાથે સંકળાયેલા છે અને તેમના પર સોપારી લઈને હત્યા કરવા સાથે ભય ફેલાવવાનો આરોપ છે. પકડાયેલા આરોપીઓ દ્વારા પંજાબમાં પહેલા પણ હત્યાઓ કરવામાં આવી ચુકી છે અને હવે ફરી એકવાર આ આરોપીઓ હત્યા કરવા માંગતા હતા, પરંતુ તે પહેલા આ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

સોનીપતના પોલીસ અધિક્ષક રાહુલ શર્માએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે ધરપકડ કરવામાં આવેલા ત્રણેય આરોપી આતંકવાદી સંગઠન ચલાવનાર લોકો ગુર્જન સિંહ જેન્ટા, હરજિંદર સિંહ નિઝર, લખબીર સિંહ રોડ અને હર્ષદીપ સિંહ ડાલાના સંપર્કમાં આ લોકો રહ્યા છે અને તેમના એકાઉન્ટમાં પણ વિદેશથી પૈસા પણ મોકલ્યા છે.

## બીજી લહેરનું પુનરાવર્તન નહીં થાય : ડૉ. ગુલેરિયા

નવી દિલ્હી, તા.૧૯ એઆઈઆઈએમએસના ડિરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાએ કહ્યું કે હવે જેવી બીજી લહેર જેવી લહેર આવવાની શક્યતા હવે ઓછી છે. તેમણે એમ પણ કહ્યું કે મહામારીનું નિયંત્રણ હોસ્પિટલ પર નહીં પરંતુ સમાજ પર આધારિત છે. દેશના લોકો જે રીતે વર્તે છે, તેની જ અસર ભવિષ્યમાં જોવા મળશે. આ મહામારીમાં માત્ર આરોગ્ય કર્મચારીઓ જ નહીં પરંતુ દેશનો દરેક વ્યક્તિ ફ્રન્ટલાઈન વર્કર અને કોવિડ યોદ્ધા છે. બાળકોના રસીકરણ અંગે શંકા ન રાખો કે ફાયદો થશે, નુકસાન થશે. જે વયના બાળકો માટે રસી ઉપલબ્ધ છે, તેઓને રસી લઈને મહામારી સામે સુરક્ષિત કરવામાં આવે તો તે વધુ સારું રહેશે. શુક્રવારે, આરોગ્ય મંત્રાલયની પહેલ પર એઆઈઆઈએમએસના ડિરેક્ટર ડૉ ગુલેરિયાએ ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ પર ડૉ આરતી વિજ સાથે કોવિડ અને તેના સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી. ચર્ચાની શરૂઆતમાં ડૉ. ગુલેરિયાએ કહ્યું કે આજે આપણે ઘણી સારી સ્થિતિમાં છીએ. અગાઉની લહેરની સરખામણીમાં આ લહેર ઘણી નિયંત્રણમાં રહી હતી. હવે સેકન્ડ વેવ જેવા ઉછાળાની શક્યતા ઓછી છે. કેન્દ્ર સરકારના વખાણ કરતા તેમણે કહ્યું કે શરૂઆતથી જ સરકારે આ અંગે સારી પહેલ કરી. સમયસર જનતા કર્ફ્યુ, પછી લોકડાઉન, કોવિડ બિહેવિયર માટે જાગૃતિ જેવા કાર્યક્રમો લાવ્યા અને આજે આપણે વિશ્વના ઘણા દેશો કરતા વધુ સારી સ્થિતિમાં છીએ. રસીકરણ કાર્યક્રમ અંગે તેમણે કહ્યું કે મને યાદ છે જ્યારે ૨૦૦૯માં એચ૧એન૧ આવ્યો હતો, તે સમયે મીડિયા કહેતું હતું કે આપણી પાસે આપણી પોતાની રસી કેમ નથી? આજે પરિસ્થિતિ સાવ જુદી છે. આપણી પાસે પોતાની રસી છે અને આજે દેશમાં અડધા ડઝનથી વધુ રસી દેશમાં બની રહી છે. વિશ્વમાં પ્રથમ વખત પ્લાઝ્મા ડીએનએ રસી આપણાં દેશમાં બનાવવામાં આવી રહી છે. દ્વઈદ્રછ ટેકનિકલ અને પ્રોટીન સબ યુનિટ્સ સાથેની રસીઓ ઉપલબ્ધ છે. આપણો રસીકરણ કાર્યક્રમ આ મહામારી સામે એક પ્રકારની સફળતાની ગાથા છે. ડૉ. ગુલેરિયાએ કહ્યું કે જ્યાં સુધી રસીકરણ કાર્યક્રમની વાત છે, મિશન ઈન્દ્રધનુષ દેશમાં પહેલેથી જ ચાલી રહ્યું હતું, પરંતુ તે બાળકો અને ગર્ભવતી મહિલાઓ માટે છે. પરંતુ સરકારની પહેલ પર કોવિન એપ બનાવવામાં આવી અને તેનું સંચાલન શક્ય બન્યું. એટલું જ નહીં, વિતરણ શૃંખલા માટે કેન્દ્ર અને રાજ્યએ સાથે મળીને કામ કર્યું, જેના પરિણામે ગ્રામીણ વિસ્તારમાં રસીકરણ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

★આઝાદીનો અમૃત મહોત્સવ : ખેલો ઈન્ડીયા ★ આઝાદીનો અમૃત મહોત્સવ : ખેલો ઈન્ડીયા★

જાહેર આમંત્રણ

સ્પોર્ટ્સ ઓફ ઈન્ડીયા દ્વારા અયોજીત

પ્રવેશ નિઃશુલ્ક

સરદાર વલ્લભભાઈ પટેલ ઓપન સ્પોર્ટ્સ ફેસ્ટીવલ : ૨૦૨૨

૨૫ થી ૨૭ ફેબ્રૂઆરી, સ્થળ : ચ-૩, રામકથા ગ્રાઉન્ડ, ગુજરાત વિધાનસભા સામે, ગાંધીનગર.



રાકેશ પાન્ડેય

ફિલ્મ અભિનેતા અને અધ્યક્ષ, સ્પોર્ટ્સ ઓફ ઈન્ડીયા

કરવામાં આવશે જેમાં ક્રિકેટ, વોલીબોલ અને કબડ્ડી (પુરૂષ અને મહિલા) જેવી રમતોનું આયોજન કરેલ છે. જેમાં પ્રવેશ નિઃશુલ્ક આપવામાં આવશે.આ માટે દરેકને જાહેર આમંત્રણ આપવામાં આવે છે કે તમારી ટીમના નામ તાત્કાલિક ધોરણે નોધાવવા ૨૪-૦૨-૨૦૨૨ સુધીમાં નીચેના સરનામે સંપર્ક કરો.

ખેલ અધિકારી

ટી. સભરવાલ

079-40393122 (M)9016619388

216, બીજો માળ, સુપર મોલ-૧, ઈન્ફોસીટી, ઘ-૦, સર્કલ નજીક, ગાંધીનગર.

★આઝાદીનો અમૃત મહોત્સવ : ખેલો ઈન્ડીયા ★ આઝાદીનો અમૃત મહોત્સવ : ખેલો ઈન્ડીયા★

વેચવાનો છે

2 BHK ફ્લેટ F-302, સંપદ પ્રાઈમ, સ્વાગત બંગ્લોઝની સામે, સરગાસણ ક્રોસ રોડ

-: સંપર્ક :-

94275 37592

94090 34920

Teachers Required

An English Medium Pre and Primary School invites Bio-Data from female teachers for class-room teaching

K.G. : Three positions / Primary : Three positions

Subjects : Eng., Maths, EVS

Contact : 95743 58901

નવી શરૂ થતી સાંજે ૭:૩૦ની બેચમાં જોડાઈ...

કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો

નાણાવટી

The Leader Since 1996

ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨

ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮

મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫

ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો

ketannanavatigandhinagar